## –:: આંક–૧૧ ની અરજી લગત હુકમ ::–

(૧) સામાવાળા તરફે હાલની અરજી રજુ કરી અરજદારસ તેઓ વિરૂઘ્ઘ ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૧૨,૧૭,૧૮,૧૯,૨૦,૨૨ તથા ૨૩(૨) અન્વયે અરજી કરેલી છે. સામાવાળાના લગ્ન અરજદાર સાથે સુરતમાં થયેલ અને નોંઘણી પણ સુરત મુકામે થયેલી. સામાવાળાએ અરજદાર વિરૂઘ્ઘ હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(એ) હેઠળ છુટાછેડાનું હુકમનામું મેળવવા એચ.એમ.પી.નં.૭૯૩/૧૯ દાખલ કરેલ જે પેન્ડીંગ છે. વધુમાં અરજદાર અરજીમાં જણાવેલ સરનામે તેમજ ભારતમાં રહેતા નથી અને તેઓ ભારતીય નાગરીકત્વ ઘરાવતા ન હોય અરજદારને ભારતના સંવિધાનના અધિકાર પ્રાપ્ત થતા નથી. જેથી અરજદાર ઘરેલુ હિંસા અધિનિયમ અન્વયે અરજી કરવા કે તે હેઠળ કોઈ દાદ મેળવવા હકદાર બનતા નથી જેથી હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

(૨) અરજદાર તરફે સામાવાળાની અરજી વિરૂઘ્ઘ લેખિત જવાબ રજુ કરી તેઓના પાવરદાર તરીકે તેમના માતાએ તા.૧૦/૧૦/૧૯ નારોજ એચ.એમ.પી.નં.૪૫/૧૯ થી હિન્દુ લગ્ન અધિનિયમની કલમ–૯ મુજબ દાવા અરજી કરેલ જે હાલ પેન્ડીંગ છે. તેઓનું પિયર બારડોલી ખાતે આંક–૧ ની અરજીમાં જણાવેલ સરનામે ચાલી આવેલ છે જેથી નામદાર કોર્ટની હુકમત અરજી દાખલ કરવા કાયદાના પ્રબંઘો મુજબ હકદાર છે. સામાવાળા ઘ્વારા જે તકરાર લેવામાં આવી છે તે ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૨૮ મુજબ ટકવા પાત્ર નથી. અરજદાર સામાવાળા સાથેના લગ્ન બાદ દોઢેક વર્ષ પછી કેનેડા રહેવા ગયેલા. તેઓ ડયુઅલ સીટીઝન શીપ ઘરાવતા આવેલ છે. ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૨૭(એ) મુજબ અરજદાર પિયરના સરનામાની હકુમત હેઠળ રહીને સદર કેસ દાખલ કરવા સંપુર્ણપણે હકદાર છે તેવુ સ્પષ્ટપણે જણાય આવતુ હોય સામાવાળાની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૩) બંને પક્ષકારો તરફે તેઓની મૌખિક દલીલ સાંભળી. પક્ષકારો તરફે સામાવાળાની તકરાર ઘ્યાને લેતાં અરજદાર ભારતીય નાગરીકત્વ ઘરાવતા ન હોય અરજી રદ કરવા જણાવેલ છે પરંતુ સદર કામે અરજદાર તરફે રજુ થયેલ મુખ્ય અરજી જોતાં તેમાં સરનામું ૧૧૨૧, ગામ : કડોદ, બજાર સ્ટ્રીટ, ઝંડા બજાર, તા.બારડોલી, જી.સુરત દર્શાવેલ છે તેમજ અરજદારના સામાવાળા સાથે લગ્ન

પણ સુરત મુકામે થયેલ છે તે હકીકત તેમજ ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૨૭ તથા ૨૮ વંચાણે લેતાં પણ અરજદારે કરેલ અરજી યોગ્ય અને વ્યાજબી જણાય આવતી હોય ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –// હુ ક મ //–

૧. સામાવાળાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજરોજ તા.૨૦ મી, ઓકટોબર, સને–૨૦૨૧ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૧૦/૨૦૨૧
સ્થળ : બારડોલી.

(કુ. મનિષા હરિશભાઈ મકવાણા)
બીજા એડી.જે.એમ.એફ.સી.
બારડોલી.
જીજ૧૫૨૩